# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

હાથમાં પેન હોતી નથી ને લખું છું,
આ હવામાં બહુ સાચવીને લખું છું.
એક કમરામાં બેસી મથીને લખું છું,
બહાર ખુલ્લા મને નીકળીને લખું છું.
ભીતરી ભવ્યતા જોઈ લઈને પહેલાં,
હું તને દૂરથી નીરખીને લખું છું.
પાન પાસે બીજું પાન ફૂટે છે એમ જ,
શબ્દને શબ્દ પાસે મૂકીને લખું છું.

- ભરત વિંઝુડા

## પાથેય

- રમેશ ઠક્કર

# એક અજાયબ લેખક

અમુક લેખકોનાં અવતરણો જાણીતાં હોય છે..પરંતુ એક એવા લેખક અને વિચારક છે જેમના આખેઆખા લેખ જ અવતરણ જેવા લાગે ! એ ગજબ લેખક એટલે જહોન રસ્કિન..ઈ સ.૧૮૧૯માં લંડનમાં જન્મ...મૃત્યુ ઈ.સ.૧૯૦૦.."અન ટુ ધિસ લાસ્ટ, " નામનું રસ્કિનનું પુસ્તક ઈ.સ.૧૮૬૨માં લખાયેલું..જે ઈ.સ.૧૯૦૪માં પોલોક નામના અંગ્રેજ પત્રકારે મિત્ર તરીકે ગાંધીજીને વાંચવા આપેલું..આઠ દસ કલાકની ટ્રેનની મુસાફરીમાં બેરિસ્ટર મોહનદાસે એકશ્વાસે એ વાંચી નાખ્યું..અને એમનું જીવન ધરમુળથી બદલાઈ ગયું...

એવું કેવું ચમત્કારિક આ પુસ્તક છે ? વરસો પહેલાં મુળ અંગ્રેજી આવૃત્તિ વાંચવાની મથામણ કરેલી..પણ લખાણ અને શૈલી એવી ગહન લાગેલી કે આપણો ગજ વાગેલો નહી..નવજીવન પ્રકાશને હમણાં એનો ગુજરાતી અનુવાદ પ્રગટ કર્યો છે..જેના અનુવાદક છે ચિત્તરંજન વોરા..આ પુસ્તક એટલે અર્થશાસ્ત્ર ઉપરના ચાર આલોચનાત્મક નિબંધો..માત્ર નવ વરસની ઉંમરે રસ્કિને "પોએમ ઓન યુનિવર્સ " નામે દીર્ઘ કાવ્ય અને માત્ર પંદર વરસની વયે "ધ જિયોલોજિકલ સ્ટેટા ઑફ માઉન્ટ બ્લેક " નામે નિબંધસંગ્રહ લખી સાહિત્યની દુનિયામાં નામ અંકિત કરી દીધું હતું..અનેક જગવિખ્યાત કૃતિઓ લખી પણ બેતાલીસ વરસની ઉંમરે લખાયેલ "અન ટુ ધિસ લાસ્ટ " ને એ પોતાની શિરમોર રચના માનતા હતા..

રસ્કિન,ટોલ્સ્ટોય અને થોમસ કાર્લાઈલ એ ત્રણેય સમકાલીન હતા..એકબીજાની ઉપર અસર પણ હતી..એમ તો કાર્લ માર્ક્સ પણ એ જ સમયના વિચારક..રસ્કિન અને માર્ક્સ


બંને એક જ શહેરમાં રહેતા એ સમયકાળના મહાન વિચારકો..પણ નવાઈ એ વાતની છે કે બંને એકબીજાને કયારેક મળ્યા ન હતા..કાર્લ માર્કસનું "દાસ કેપીટાલ"ઈ.સ.૧૮૪૮માં આવ્યું..જેણે જગતને બે હિસ્સામાં વહેંચી દીધું..અન ટુ ધિસ લાસ્ટ ૧૮૬૧માં પ્રસિદ્ધ થયું જેણે શ્રમનો મહિમા કરી સંપતિને માનવમૂલ્યો સાથે જોડવાની ફિલોસોફી આપી..જેના કારણે બ્રિટનમાં 'લેબર પાર્ટી"અસ્તિત્વમાં આવી..જગતભરની મજુર ચળવળો અને શ્રમિક પક્ષોનું ચાલકબળ એટલે આ પુસ્તક..

રસ્કિન માનતો કે જીવનથી વધીને બીજી કોઈ સંપતિ ના હોઈ શકે.."જીવનનો મુળભુત હેતુ તો સદગુણ વિકાસ કરનાર ચારિત્ર્યનો જ છે..અને રાષ્ટ્રની સાચી સંપત્તિ એવા સમર્થ ચારિત્ર્યવાન માનવી સિવાય બીજી કોઈ નથી.." આ પુસ્તક વાંચતાં જ ગાંધીજીને લાગ્યું કે "જે વસ્તુ મારા હાડમાં ભરેલી હતી તેનું સ્પષ્ટ પ્રતિબિંબ આ ગ્રંથરત્નમાં ભરેલું હતું..એણે મારા મનોજગત ઉપર ગાઢ અસર કરી.."

ગાંધીજીએ આ પુસ્તક વાંચી ત્રણ બાબતો તારવી..(૧)બધાના ભલામાં આપણું ભલું રહેલું છે (૨) વકીલ કે વાળંદ બંનેના કામની કિંમત એકસરખી છે કેમકે આજીવિકા કમાવાનો હક સહુનો એકસરખો છે (૩)સાચું જીવન મજૂરનું જ છે કેમકે શારીરિક શ્રમ એ જ શ્રેષ્ઠ સદગુણ છે..આમાંથી આવી સર્વોદયની વિચારધારા..અને દરિદ્રનારાયણની પરિકલ્પના..બેરિસ્ટર મોહનદાસને મહાત્મા બનાવનાર આ પુસ્તક હતું..એક પુસ્તક શું કરી શકે ? એનો પુરાવો એટલે અન ટુ ધિસ લાસ્ટ..

રસ્કિનના મતે જગતમાં પ્રામાણિક જીવનવાળી વ્યકિત તે પ્રભુની આજ સુધીમાં સાકાર થયેલી સર્વોત્તમ કૃતિ છે..ગાધીજીને સારપમાં જે અતૂટ શ્રધ્ધા હતી એના મુળમાં આ વિચાર છે..ઘણી વાતો છે આ અદ્ભુત પુસ્તકની ફરી ક્યારેક....બે જુદાજુદા દેશમાં જુદાજુદા સમયે થઈ ગયેલા બે મહાન આત્માઓનું મિલન પણ કેવું અજાયબ રીતે થતું હોય છે..!

# કવિવરે જીવનના આઠ દાયકા પછી કલમ ઉપરાંત પીંછી પકડી રંગોની અવનવી દુનિયા સજાવી




વિચાર, વાણી અને વય એમ ત્રણ રીતે માણસની યુવાનીનું આકલન થાય. ઉંમરના કોઈપણ તબક્કે નવા વિચારની દિશા પકડી શકે એ યુવાન. યુવાનીને વય સાથે કોઈ નિસ્બત નથી. માત્ર વિચારો જ કરતા રહે એ વૃદ્ધ છે. વિચારને ત્વરીત અમલમાં મૂકે એ યુવાન. યુવાની હંમેશા ખુશહાલ એટલે હોય છે કે, એનામાં સૌંદર્ય જોવાની અસીમ ક્ષમતા છે. જે લોકો ખૂબસુરતી જોવાની ક્ષમતા ધરાવે છે તે ક્યારેય વૃદ્ધ નથી હોતા.

કવિની સંવેદનશીલતાને કલ્પનાશીલતા સાથે સીધો સંબંધ છે. શબ્દોની માર્મિક ગૂંથણી દ્વારા કવિ જીવનના રહસ્યોને સરળ કરી નાખે છે. શબ્દોના જોડકાં બનાવી જોડકણાં રચનારને કવિ ન કહેવાય. કવિતામાં તો આત્મજ્ઞાનના પડઘમ સંભળાતા હોય. કવિ સમાજનું ક્યારેય પતન નથી થવા દેતો. ભારતવર્ષે વિશ્વને ઉત્તમ કવિઓની ભેટ આપી છે. હિન્દુસ્તાનની કલ્પનાશીલતા અને કવિત્વની ઊંચાઈની વાત થાય એટલે ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરની યાદ આવ્યા વગર ન રહે. દુનિયાને શિક્ષણનો નવતર રાહ શિખવાડનારી સંસ્થા શાંતિનિકેતન પુરતા જ ગુરુદેવ સિમિત ન હતા. રવીન્દ્રનાથ આખા ભારતવર્ષના કરોડો નાગરિકોના ગુરુદેવ હતા.

કવિવરનો જન્મ ગર્ભશ્રીમંત કુટુંબમાં થયો હતો. પૈસે ટકે સંપન્ન પરિવારના ફરજનમાં ભોગ, વિલાસ, સુખ, સવલતના કારણે આડઅસર સ્વાભાવિક રીતે પનપતી હોય પરંતુ દોમ દોમ સાહેબી રવીન્દ્રનાથના વ્યક્તિત્વને ક્યારેય આભડી ન શકી. ફૂલ જેવા કોમળ અને રેશમ જેવા સુવાળા સંજોગોમાં પણ શ્રીમંતાઈના દુર્લક્ષણો સામે એ સતત લડતા રહ્યા. સાદગી એમની આગવી ઓળખ હતી. રોજ સવારે વહેલા ઉઠનારા રવીન્દ્રનાથે સંયમી વ્યક્તિત્વથી આત્મખોજ કરી હતી. ગર્ભ શ્રીમંતાઈમાં ઉછરેલો આ મોજીલો કવિ આટલું બધું નૈતિક બળ કેવી રીતે પ્રાપ્ત કરી શક્યો હશે એ જ એક ગહન અભ્યાસનો વિષય છે.




આજે ગુરુદેવની શબ્દોના સર્જનથી થોડી ભિન્ન વાત કરવી છે. ગુરુદેવને આખી દુનિયા સરસ્વતીના ઉપાસક અને શબ્દોના સ્વામી તરીકે ઓળખે છે. આની સાથે સાથે એ એક ઉત્તમ ચિત્રકાર પણ હતા. સર્જકને કોઈ સીમાડા હોતા નથી. જીવનના સાત સાત દાયકા પસાર કર્યા બાદ કવિવરે કલમની સાથે પીંછી પણ પકડી. કવિ ચિત્રકાર બન્યા. વાત એમ હતી કે, કાવ્ય સર્જન કરતી વખતે ઘણીવાર રવીન્દ્રનાથ શબ્દોને બદલાવતા. શબ્દો આગળ પાછળ મૂકવા માટે તેઓ આડી અવળી લાઈનો કરતા. એમણે ઉપર-નીચે અને આડી-અવળી ખેંચેલી લાઈનોમાંથી મઝાની આકૃતિઓ તૈયાર થઈ જતી. ઝાડ, પાન, પશુ-પક્ષીની આકૃતિઓના એમાં દર્શન થતાં અને પછી તો કવિવર પીંછી લઈને રીતસર ચિત્રો જ બનાવવા લાગ્યા.

મઝાની વાત તો એ છે કે, એમના બનાવેલા ચિત્રોમાંથી કેટલાક ચિત્રો એ વખતે યુરોપના દેશોની આર્ટ ગેલેરીમાં ધુમ મચાવવા લાગ્યા. પશ્ચિમના ચિત્રકારો રવીન્દ્રનાથજીના ચિત્રો જોઈ મંત્રમુગ્ધ થઈ જતાં. ગુરુવર હંમેશા વિચરતા કે, એમના વિચારો જ્યારે રજૂ કરવા માટેના પાત્રો શબ્દો દ્વારા વ્યક્ત ન થઈ શકે ત્યારે એને પીંછીથી અભિવ્યક્ત કરવાની એમને મોજ આવે છે. ૭૦ વર્ષ સુધી દેશ અને દુનિયાએ રવીન્દ્રનાથને શબ્દના ઉપાસક કવિ તરીકે જ ઓળખ્યા હતા અને પછી વિશ્વમાં એમની કલ્પનાશીલ ચિત્રકાર તરીકેની નવી ઓળખ ઊભી થઈ. ગુરુદેવના સર્જનનુ સૌથી પહેલું ચિત્ર પ્રદર્શન પેરિસમાં યોજાયું. એ જમાનામાં પેરિસ ચિત્રકારોનું 'પેરેડાઈઝ' ગણાતું. પેરીસના માંધાતા ચિત્રકારોએ રવીન્દ્રનાથજીના ચિત્રોને અન્ય ચિત્રકારો સાથે સરખામણી કરતાં. પેરીસના આ કલાકારો રવીન્દ્રનાથજીના ચિત્રો જોઈને અભિભુત બની જતા.

એમના કલાત્મક ચિત્રો જેમને પલ્લે ન પડતા એ લોકો ઘણીવાર ચિત્રની સમજ મેળવવા એમને પ્રશ્નો પૂછતાં. ત્યારે રવીન્દ્રનાથ જવાબ આપતા કે, "હું મારા ચિત્રોની માફક મૌન રહીશ. ચિત્રની સમજ આપવાનું મારું કામ જ નથી. આ કામ તો મારા ચિત્રોનું છે. એ જ એનો હાર્દ સ્પષ્ટ કરતા હોય છે. જો ચિત્રોએ પોતાની અંદર છુપાયેલા સ્વતંત્ર અસ્તિત્વનો અંશ સાચવ્યો હશે તો તે સદાય સ્પષ્ટ રીતે ઉભરી આવશે. અન્યથા એ કોઈ પણ વૈજ્ઞાનિક સત્ય કે નૈતિક ઔચિત્ય વિના નાશ પામશે.''

શબ્દોના રચયિતા હોય કે પીંછીના કસબી મુળતઃ વાત તો અભિવ્યક્તિ છે. એમાં સર્જનના આનંદની વાત હોય છે. શબ્દો તો એક ભાષા છે. એ તો અનંત અને વિસ્તૃત મૌન જગતનું એક બિંદુ માત્ર છે. આંતરિક વિશ્વને સપાટી ઉપર લાવવાની અમરવાણી તો પીંછીના લસરકે અનુભવાતી હોય છે. આદી અનાદી કાળથી વિશ્વ સમસ્ત ચિત્રો અને નૃત્યની પરિભાષા સમજે છે. ચિત્રો અને નૃત્ય અનંત કાળ સુધી બોલતા હોય છે.

રવીન્દ્રનાથ ઠાકુરની ચિત્રકલા સાથે જોડાયેલો એક સરસ પ્રસંગ યાદ આવે છે. ઘરના પ્રાંગણમાં એક વૃક્ષ નીચે બેસીને ગુરુદેવ કોઈ કલ્પનાને પીંછી વડે મૂર્તિમંત કરતા હતા. દૂર ઊભેલા તેમના કેટલાક સાથીઓ નજીક આવીને કહેવા લાગ્યા, 'ગુરુદેવ આપનું આ ચિત્ર ખૂબ સુંદર બન્યું છે.' પણ રવીન્દ્રનાથજીને આ ચિત્રથી સંતોષ ન હતો. એમને લાગ્યા કરતું હતું કે, એમની કલ્પનાઓ આ ચિત્રમાં બરાબર નથી ઉતારી શકાઈ. સાથીઓ જોતા રહ્યા અને એમણે આડા અવળા પીંછીના લસરકા મારીને ચિત્રને વિ-ચિત્ર કરી નાખ્યું. ચિત્ર બગડી જતા સાથીઓ દુઃખ વ્યક્ત કરતા હતા ત્યારે એમણે કહ્યું કે, 'તમે જો જો આનાથી વધુ સારું બીજું સર્જન થવાનું છે.'

કવિવર ઘણીવાર કહેતા કે, જ્યારે બધા એમના ચિત્ર સર્જનના ખૂબ વખાણ કરે ત્યારે એ ચિત્રને લીટા મારી નષ્ટ કરી નાખવામાં જ ખરી મઝા છે. જ્યારે એ સારૂ લાગતું ચિત્ર તમામ દ્રષ્ટિએ બેડોળ બને ત્યારે ફરી નવું ચિત્ર બનાવવાનો ઉમંગ પ્રગટતો હોય છે. પછી નવા ચિત્રના પ્રત્યેક અંગ ખીલી ઊઠતા હોય છે. ગુરુદેવ આ વાતને મનુષ્યના જીવન સાથે જોડતા. માનવી જ્યારે પછડાટ ખાય છે ત્યારે પરિશ્રમ કરીને જોમ અને જુસ્સા સાથે ફરી બેઠો થવા મથે છે.

જ્યાં સુધી અંતરની ઉર્મીઓને કેનવાસ ઉપર યોગ્ય આકાર ન મળે ત્યાં સુધી વારંવાર એને નષ્ટ કરી નવસર્જનમાં સાચા સર્જકને મોજ આવતી હોય છે. એમાંથી જ ઉત્તમ સર્જનની ખોજ ઉભી થતી હોય છે. જીવનના અસ્તાચળના સમયે ચિત્રો દ્વારા કલ્પનાને આકાર આપી નવતર દિશા ખોલનારા રવીન્દ્રનાથ ઠાકુરનું વ્યક્તિત્વ એક પાઠશાળા જેવું છે. જીવનના કોઈપણ તબક્કે નવા ઉઘાડનો સ્વીકાર જિંદગીને રસપ્રદ બનાવે છે. જીવનના અંતિમ શ્વાસ સુધી જીવનને ભરપુર માણવાનુ નક્કી કરી લેવુ પડે. જીવનના પ્રત્યેક પડાવ ઉપર એક પછી એક નવી દિશા ખોલી એના ઉપર ચાલવું વ્યક્તિના પોતાના હાથમાં છે. ઉંમર તો માત્ર આંકડાનો ખેલ છે. ચાલીસી યૌવનનો અંત છે અને પચાસી વૃદ્ધત્વનું યૌવન છે.

**ધબકાર :**
યુવાનીની ઉંમર સાથે નહીં, વિચારોના થનગનાટ સાથે નિસ્બત હોય છે.

# અને જોત જોતામાં ૧૭ વર્ષ વહી ગયા... કાલો ન યાતો વયમ એવ યાતા

૧ ફેબ્રુઆરી ૨૦૨૩ના દિવસે મારા જીવનમાં એક અવિસ્મરણીય ઘટના ઘટી.

મારા 'ડાયલોગથી દેવભાષા' પુસ્તકની દ્વિતીય આવૃત્તિ પ્રસંગે અને સતત ૧૭ વર્ષથી ચાલતી 'વિચારયાત્રા' કૉલમનો ઉમળકો વ્યકત કરવાનો કાર્યક્રમ ગાંધીનગર સમાચાર દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો.




વિચારયાત્રાની લેખનયાત્રા વિષાદમાંથી સર્જાઈ છે.

મારા દાદીમાના અવસાન પછી સૌપ્રથમ તેમના ચાલ્યા જવાની એ પીડાને સ્મરણયાત્રાએ મારા બા એવો લેખ ને લખ્યો ભાષાભવનના એ વર્ગમાં લેખ લખ્યા પછી તેની પ્રથમ શ્રોતા મારી ધર્મપત્ની દર્પણ હતી. તે લેખને ગાંધીનગર સમાચારમાં કૃષ્ણકાંતભાઈએ સ્થાન આપ્યું અને ત્યારબાદ છુટા છવાયા લેખ લખતો રહ્યો અને તેઓ મારો ઉત્સાહ વધારતા રહ્યા.

આખરે ૨૦૦૬માં શ્રી કૃષ્ણકાંતભાઈએ આગ્રહ કરીને દર સપ્તાહે મારી સાપ્તાહિક કોલમ મંગળવારે શરૂ કરવા અનુરોધ કર્યો.

૨૦૦૬નો ફેબ્રુઆરી મહિનો અને આ ૨૦૨૩નો ફેબ્રુઆરી માસ ૧૭ વર્ષ આશરે ૮૮૦થી વધુ લેખ લખાઈ ચૂક્યા છે.

અમે જ્યારે અભ્યાસ કરતા ત્યારે ભટ્ટ સાહેબ કાયમ કહેતા કે લખાણ લખ્યા પછી કાગળ કાળો કર્યો હોય તેવું ન લાગવું જોઈએ, મેં હંમેશા તે ચકાસવાનો યત્ન કર્યો છે. હંમેશા એ પ્રયત્ન રહ્યો કે દરેક મંગળવાર મંગળમય બને.

વિચારયાત્રા એ માત્ર એક કટાર ન રહેતા મારા જીવનનું એક અભિન્ન અંગ બની ગયું.

હું નિરાશ થતો તો મને નવોન્મેષ મળતો વિચારયાત્રાથી.
હું દુઃખી થતો મને આશ્વાસન મળતું વિચારયાત્રા દ્વારા
કોઈ ચિરંતન પ્રશ્ન સતાવતો તો વિચારયાત્રાના ખોળે જતો..

વિચારયાત્રાએ મારા વ્યક્તિત્વમાં નિખાર લાવવા માટે ખૂબ ફાળો આપ્યો છે.

વિચારયાત્રાના લેખ લખવા માટે મારે ખૂબ વાંચન કરવું પડ્યું તેના કારણે વિવિધ પ્રકારના અલગ અલગ પુસ્તકોમાંથી પસાર થવાનું થયું..

ગધા પચ્ચિસીએ શરૂ થયેલી આ મારી વિચારયાત્રા આજે બેતાળા આવવાના સમયે પહોંચી છે. હું એવું પણ ધારતો નથી કે ખૂબ મોટું કાર્ય થઈ ગયું છે હા એ વાત ચોક્કસ છે કે જીવનમાં વર્ષો ઉમેરવાની બદલે વર્ષોમાં જીવન ઉમેરવાનું કામ આ યાત્રાને કારણે થયું છે.

વિચારયાત્રા કોલમના કારણે મારા પાંચ પુસ્તકો ગુર્જર પ્રકાશન દ્વારા ૨૦૧૬માં પ્રગટ થયા હતા. ચિંતનયાત્રા, અંતરયાત્રા, સંબંધયાત્રા, વિકાસયાત્રા અને જીવનયાત્રા.

પુનઃ એકવાર હું કહું છું કે શ્રીકૃષ્ણએ ટચલી આંગળીથી ગોવર્ધન ઉચક્યો હતો અને ગોવાળો પોતાની લાકડી અડાડીને માનતા હતા કે આ ગોવર્ધન મે ઉચક્યો છે અમારા કારણે ઊંચો છે તેવા કોઈ ગુમાનમાં હું નથી.

જીવનની નાનામાં નાની ક્ષણને તો આપણે બધા જ અનુભવીએ છીએ. અહીં હંમેશા એવો પ્રયત્ન રહ્યો કે તમારા અને મારા વિચારોને યથાર્થ રૂપે રજૂ કરવા. મનના ડૂમાને મનમાં જ દાબી રાખવો. અંતરના આસું અંતરમાં જ ધરબી દેવા અને પછી એ દબાયેલા આંસુને વાદળી શાહી સાથે કાગળ પર ઉતારવાથી તૃપ્તિનો એક અનુભવ થાય છે. તેવી જ રીતે આનંદની કોઈ ક્ષણ, પ્રવાસ દરમિયાન કોઈ અવર્ણનીય સ્થળનો અનુભવને વાચકો સુધી લઈ જઈને મૂર્તિમંત કરવાનો યજ્ઞ કર્યા પછી ફરી વખત ત્યાંની જાણે યાત્રા કરતા હોઈએ તેવો અનુભવ થયો છે.




ખરેખર તો આ કલમને જાણે વાચકોએ જ ઉપાડી લીધી છે. રૂકૂંજકૂંથી, મેસેજથી, મેલ દ્વારા તેમના જે પ્રતિભાવ સાપડતા રહે છે તે સંજીવન સમાન છે. સ્વાભાવિક રીતે જ દરેક દિવસો સમાન નથી હોતા આ પંદર વર્ષોમાં ઘણી ચડતી પડતી ઉતાર-ચડાવ ઈસ્ટમેન કલરથી લઈને બ્લેક એન્ડ વ્હાઈટ અને ક્યારેક તો સંપૂર્ણ બ્લેક આઉટ થઈ ગયો હોય ત્યારે એવી કપરી ક્ષણોમાં પણ મને સંભાળી લેવા માટે મારા સ્નેહીજનોમાં વિચાયાત્રાનો પણ સમાવેશ થાય છે. વિચારયાત્રા એક કૉલમ માત્ર નથી પરંતુ મારા જીવનનું નિકટતમ પાત્ર છે. તેના હોવાપણાની ઘણી સાખીઓ વીજળીના ઝબકારાની જેમ જીવનમાં ચમત્કાર બતાવી ગઈ છે.

મને યાદ છે કે જ્યારે મોટાભાઈના મૃત્યુ પછીના મંગળવાર આવ્યો 'મને પાનખરની બીક ન બતાવો કે મારી ડાળખીમાં કોઈ પાન નથી..'લેખ લખીને મારી વેદનાઓને કંડારી હતી. પણ લેખ લખવાનું ચૂક્યો નહોતો.

કોઈ પણ સર્જક માટે લખવાની પૂર્વશરત માત્ર એ જ હોવી જોઈએ કે તેને અંદરથી કંઈક વલોવી રહ્યું હોય, કોઈ છટપટાહટ કોઈ અકળ આત્માનંદ પોકારતો હોય, કોઈ પ્રશ્ન પોકાર કરતો હોય ત્યારે જ આ બધી સંવેદનાઓ આપોઆપ શબ્દો બનીને કાગળ પર આવવા લાગે છે. માત્ર ભાષાજ્ઞાન, વિશેષણોના લટકણિયા કે પછી અલગ અલગ સમાસ શીખી જવાથી વિચારયાત્રા સફળ થશે એવું કદી વિચાર્યુ નથી. કારણકે ભાવક અને વાચક માત્ર લખવાનો શિષ્ટાચાર અને વ્યાપાર ચાલતો હોય એવું રોબોટિક લખાણ સહન કરી શકતો નથી.

મારી અત્યાર સુધીની યાત્રામાં મારા માતા-પિતા, મારા સ્વર્ગીય મોટાભાઈ મારી અર્ધાંગિની અને બંને બાળકોનો પ્રેમ કારણભૂત રહ્યો છે.

ગૂર્જર પ્રકાશનના મનુભાઈ અમરભાઈ તેમજ રોહિતભાઈ હવે માત્ર પ્રકાશક ન રહેતા સ્વજન બની ગયા છે આ તબક્કે તેમનો આભાર તો માનવો જ રહ્યો. ગૂર્જર પ્રકાશન જેવા નામાંકિત પ્રકાશક દ્વારા પુસ્તકની દ્વિતીય આવૃત્તિ થાય તે જીવનનું મોટું સંભારણું છે.

સ્પાઈડરમેનનો એક ડાયલૉગ છે કે મોટી તાકાત એ મોટી જવાબદારીઓ લઈને આવે છે તેમ આપ સૌનો આ જે પ્રેમ છે તે મને વધુ જવાબદાર બનાવીને વધુ કસાયેલી કલમ અને વધુ શોધ સાથેના જ્ઞાનને આપ સમક્ષ પીરસવાની મા સરસ્વતી મને શક્તિ અર્પે તેવી અભ્યર્થના સાથે વિરમું છું.

- jayuoza@gmail.com,
Mo.9898046488

# ફરી કચ્છ જવાના ઓરતા જાગે અને કચ્છની સંસ્કૃતિના અજવાળા ચિત્તમાં પથરાય

આ ધરતીમાં એવું શું છે કે તમને વારંવાર ત્યાં જવા આકર્ષે છે?

આ ધરતીમાં કેટકેટલી સંસ્કૃતિના લોકો આવ્યા, રહ્યા ને ગયા પરંતુ અહીંની પોતાની સંસ્કૃતિ આજે પણ ધબકે છે.

આ ધરતીમાં અનેકવાર પ્રાકૃતિક ઉથલ-પાથલ થઈ છતાં અહીંના



લોકનું ખમીર અને ખુમારી ટક્યા ને ફરી બેઠા થયા.

જગતની સૌથી પ્રાચીન સંસ્કૃતિ, સિંધુ સંસ્કૃતિ (હડપ્પીય) સંસ્કૃતિની વિશિષ્ટ વસાહત આ ધરતીમાં રહેતી હતી.

હા, 'મીઠા રે પાં કચ્છજા માડુની ભૂમિ કચ્છની વાત છે. મહાભારત, શ્રીમદ્ ભાગવત, વાયુ પુરાણ જેવા અનેક પૌરાણિક ગ્રંથોમાં કચ્છનો ઉલ્લેખ જોવા મળે છે. કચ્છની લોકસંસ્કૃતિ એટલે સાગર, રણ, કૃષિ, પશુપાલન, હસ્તકલા, લોકજીવન, લોકસંગીતથી સભર સંસ્કૃતિ,' ઐતિહાસિક - ધાર્મિક - સાંસ્કૃતિક - પુરાતત્ત્વીય - શિલ્પ-સ્થાપત્ય, ઉત્સવો એમ અનેક સાંસ્કતિક ચેતનાના ધબકારને ઝીલવા કચ્છમાં દર વર્ષે પ્રવાસીઓ દેશ-વિદેશથી ઉમટી પડે છે.

કચ્છની ધરતીને પ્રકૃતિએ અપરંપાર વિવિધતા, આપી છે, અહીં ધરતી છે, રણ છે, દરિયો છે, પહાડ છે, અહીંની પ્રજામાં સાહસ છે - શૌર્ય છે, ધીરતા છે ને વીરતા છે, ધર્મ છે ને કર્મ છે. કચ્છ એટલે વિવિધતા - વિરાટતા અને વિરલપણાનો સમન્વય.

કચ્છ એટલે કાચબાના આકારનો પ્રાચીન પ્રદેશ, જે આભીર તરીકે પણ ઓળખાય છે. કચ્છના અનેક પ્રવાસન સ્થળો છે જેના વિકાસ માટે ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ, પ્રવાસન નિગમ દ્વારા અનેકવિધ પ્રયાસો અને પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવ્યા છે. દર વર્ષે અહીં કોઈને કોઈ નૂતન આકર્ષણ ઉમેરાતા જાય છે.

મારું એ સદ્ભાગ્ય રહ્યું છે કે ૧૯૯૦ના દાયકાથી આજ સુધીમાં લગભગ ૨૫થી વધુ વાર મને કચ્છનો પ્રવાસ કરવાનો અવસર મળ્યો છે. માહિતી ખાતાની મારી નોકરીના ભાગરુપે, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સંચાલક તરીકે, રણોત્સવમાં કાર્યક્રમ પ્રસ્તુત કરવા અને નિયમિતરુપે પરિવાર - પ્રિયજનો સાથે સતત કચ્છમાં જઈને આનંદ અને પ્રેમથી સભર થવાનો લ્હાવો મને મળ્યો છે.

હમણાં ફરી પરિવાર સાથે કચ્છના રણમાં જવાનું થયું. રસ્તામાં ભૂજ હાઈવે પર માધાપરમાં એક હોટલમાં દેશી ભોજન આરોગવા બેઠા, એક નવી વેરાયટીનું શાક મારા દોસ્ત ચંદ્રેશે જોયું અને પૂછયું કે 'અમે બેંગ્લોરથી આવીએ છીએ, આ શાક કયારેય ખાધું નથી, કેવો સ્વાદ હશે ?' તો જવાબ મળ્યો કે, 'એકવાર ખાશો તો બીજીવાર માંગશો ન ભાવે તો તમારા બધાના ભોજનના પૈસા નહિં લઉં.'

આ સંવાદમાં કચ્છના આતિથ્યની, કચ્છીયતની, કચ્છના વ્યાપાર-વણજની ખુશ્બુ હતી. પ્રેમની ભીનાશ હતી.




કચ્છમાં રહેવા માટેની જગ્યાથી વધુ રણ વિસ્તાર છે. પશ્ચિમ ભારતમાં કચ્છનું રણ અહલાદક અને અજાયબ અનુભૂતિ આપે છે. અહીં સમુદ્રની ખારાશ અને સિંધુ નદીના જળની મિઠાશ મૃગજળ બનીને નજર સામે રહે છે. નાનું રણ અને મોટું રણ એમ બે ભાગમાં વહેંચાયેલું છે આ રણ. માર્ચ મહિનામાં પવનનો અને સમુદ્રના જળથી અને જૂનમાં વરસાદથી રણ ભરાય છે.

નવેમ્બર આવતા પાણી સુકાય અને ડિસેમ્બરમાં તો આખુંય રણ પ્રાકૃતિક રીતે બનેલા મીઠાના કારણે સપેદ રણમાં પરિવર્તિત થઈજાય છે. આ રમણીય રણને નિહાળવા જ આખી દુનિયામાંથી પ્રવાસીઓ આવે છે.

કારા ડુંગર, કચ્છજા,
મથે ધોરા ધણ ચરેં,
સિજ ઉલધે સામા અચેં,
ત ડિસધેં ડુખ ટરે

જેવી અનેક લોકોક્તિમાં કચ્છની પ્રકૃતિ, કચ્છની ધરતીનો મહિમા ગવાયો છે. કચ્છની લોક સંસ્કૃતિ, લોક જીવન, લોક સંગીત, પહેરવેશ અને આભૂષણો, વિવિધ પ્રકારની હસ્તકલા, મેળા, શિલ્પ અને સ્થાપત્ય, ઐતિહાસિક ઈમારતો, પુરાતત્વીય પ્રદેશો, ગઢ અને કિલ્લાઓ, ધડકીકળા, રોગાન આર્ટ, અજરખનું કામ, બન્નીનું ભરતકામ, હાથ વહાટ, બાટીકકામ, જરદોશી કળા જેવી. વિવિધ કલાના નમુનાઓ જોતા અને ખરીદતા આપણો જીવ કયારેય ધરાય નહિ એવું અજબ એણાં આકર્ષણ છે.

બ્રિટનના પારિવારિક સ્વજન નરેનભાઈ - સરોજભાભી હમણાં આવ્યા ત્યારે માત્ર એક દિવસ રણમાં જવાનું પ્લાનીંગ કર્યું હતું અને પછી કચ્છના ત્રણદિવસના પ્રવાસમાં તેઓએ અન્ય સ્થળો પણ સામેલ કર્યા. આવા તો અનેક અનુભવો આ વાંચનારના અને એમના મિત્રોના હશે જેમાં કચ્છની ધરતીની માયાએ વારંવાર ત્યાં જવા પ્રેરિત કર્યા હોય.

શાયર શૂરા સતીયું, સંત સાધુ ફકીર અરહંત,
કરી કમારી મનખા ડે, જવું તારી પિંઢ તરન

કવિ નિરંજનના આ સબ્દોનું સ્મરણ થાય, ફરી કચ્છ જવાના ઓરતા જાગે અને કચ્છની સંસ્કૃતિના અજવાળા ચિત્તમાં પથરાય.